Volume : 1 | Issue : 12 | December 2012 ISSN - 2250-1991

Research Paper Literature

# Navyavedant - Swami Vivekanand Ni Drashtie

* Dr. Hiren I. Domadiya

* Janki Park, C - 1, Blok 8/11, Opp Gondhiya Hospital Kalawad Road, Rajkot.

**ABSTRACT**

ભારતીય તત્વજ્ઞાન એ આધ્યાત્મીક રીતે આગળ વધે છે. તેમાં દર્શનશાસ્ત્ર જેમાં છ દર્શનનો સમાવેશ થાય તે ખૂબ જ આધ્યાત્મીક રીતે આગળ વધે છે. આ પ્રગતિમાં સમકાલીન ભારતીય વિચારધારા તત્ત્વજ્ઞાનમાં પાયા તરીકે માત્ર ઈન્દ્રીયાનુભવ નહીં પરંતુ અનુભવના સર્વ અંગોનો સ્વીકાર કરે છે. આ વિચારધારા વ્યવહારીક બાબતો ઉપર ભાર મુકે છે. આ વિચારધારા દેહ અને મન પર કાબુની જરૂરીયાત સ્વીકારે છે. તેમજ નૈતિક પવિત્રતા અને ધ્યાનની જરૂરીયાત સ્વીકારે છે. ભારતીય તત્ત્વચિંતક તરીકે સ્વામી વિવેકાનંદ એક વિશિષ્ટ પ્રકારના તત્ત્વચિંતક છે. જેમણે વેદાન્તને સામાજીક કર્મશીલતામાં રૂપાંતરીત કરી છે. સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ મી જાન્યુઆરી ૧૮૬૩ ના રોજ કલકત્તામાં થયો હતો. બાળપણનું નામ નરેન્દ્રનાથ દત્ત હતું. ઈશ્વર વિષયક જિજ્ઞાસા શરૂઆતથી તેનામાં પ્રબળ હતી. જે રામકૃષ્ણ પરમહંસના મિલન પછી શાંત થઈ. સન્યાસ લીધા બાદ ભારત ભ્રમણ કર્યું અને શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં હિન્દુ ધર્મ તથા ભારતીય તત્ત્વજ્ઞાનને અત્યંત સફળ રીતે રજૂ કર્યું.વિવેકાનંદનું તત્ત્વજ્ઞાન તત્ત્વમીમાસાકીય રીતે શ્રી શંકરાચાર્યનું અદ્વૈત વેદાંત જ છે. જેમાં એક બ્રહ્મ સિવાય કોઈ સત્તા અંતિમ કક્ષાએ સ્વીકૃત નથી. આમ વિવેકાનંદની દ્રષ્ટિએ તેમનો ભવ્ય વેદાંત જોઈએ.

**Keywords :**

– નવ્ય વેદાંતઃ

સામાન્ય રીતે નવ્ય શબ્દનો પ્રયોગ બે રીતે થાય છે. "જે તે દર્શન પ્રણાલીની તત્ત્વમીમાંસા કે જ્ઞાનમીમાંસા જેવી શાખાઓમાં જે પરિવર્તન કે વિસ્તરણ સાથે તેના મૂળ હાર્દને બદલાવ્યા સિવાય જે તે પધ્ધતિનું વિસ્તરણ કરવામાં આવે. દા.ત. ન્યાયમાંથી નવ્ય– ન્યાય.(૧)

અને બીજું એ "કોઈપણ દર્શન પધ્ધતિના સૈધ્ધાંતિક પાસાને કે વ્યવહારલક્ષી અમલીકરણના ક્ષેત્રને તપાસીને, તેને પરિમાર્જિત કરીને, તેનો વ્યાપ વધારવામાં આવે." (૨)

ઉપરોકત બાબત પ્રથમ પરિવર્તન સાથે વિસ્તરણ કરે અને દ્વિતિય બાબત પ્રમાણે સૈધ્ધાંતિક પાસાને વ્યવહારમાં અર્થાત વર્તમાન સમય પ્રમાણે વ્યવહારમાં વધુ ઉપયોગી કઈ રીતે બને તે માટે જે ફેરફારો કરે ત્યારે નવ્ય શબ્દનો ઉપયોગ થાય છે. વિવેકાનંદનું વેદાન્તમાંથી નવ્ય વેદાન્ત સામાન્ય રીતે જનસમાજમાં એવી માન્યતા જોવા મળે છે કે, વેદાન્તના તત્ત્વજ્ઞાન અને વ્યવહઢ ારિક જગત વચ્ચે કશો સંબંધ નથી. માનવીના દૈનિક જીવન સાથે એનો વિરોધ છે. વેદાન્ત તો કેવળ બુધ્ધિશાળી વ્યકિતના મનઃ પ્રદેશ સુધી જ રહેતું મર્યાદિત જ્ઞાન જ છે. એટલે આપણા વ્યવહારીક જીવનમાં એનું વિશેષ મહત્વ નથી. આ ભ્રમને તોડવા સ્વામી વિવેકાનંદે સમજાવ્યું કે વ્યવહાર જગત અને વેદાન્ત એકબીજાથી જુદા નથી. એ તો વ્યવહાર જગતનો પાયો છે અને આપણા જીવન ઘડતરમાં મોટો ફાળો આપનાર દર્શન છે. તેમજ સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આ જ્ઞાન માત્ર મુમુક્ષુ અધિકારીઓ અને તપસ્વી સાધુઓને જ માટે છે. વિવેકાનંદ આ ખ્યાલનું વિસ્તરણ કરે છે અને કહે છે. 'દીર્ઘકાળ પર્યત વેદાન્તનું જ્ઞાન ગુફાઓ અને જંગલોમાં જ ગુપ્ત રીતે છુપાયેલું રહ્યું છે. એમાંથી તેને ઉગારીને કુટુંબોના અને સમાજના જનજીવન સુધી લઈ જવાનું કામ મને સોંપવામાં આવ્યું છે. તેઓ કહે છે કે વ્યવહારીક જીવનમાં વેદાન્તનો વિનિયોગ કરવાના ઉપાયો દ્વારા અને રાયથી રંક સુધીના બધા લોકો સમાન રીતે પોતાના જીવનમાં વેદાન્તનો વિનિયોગ કરી જીવન સફળ બનાવી શકે છે. આ ઉપરાંત વેદાન્તના સાર ગ્રાફી જ્ઞાનને જીવનમાં અમલી બનાવવા માટે વિવેકાનંદની દ્રષ્ટિએ વેદાન્તની દર્શન પ્રણાલીનું જટિલતાપૂર્ણ અધ્યયન જરૂરી નથી. તેનો અધિકારી શુધ્ધ હૃદય અને સહજ બુધ્ધિ ધરાવતો કોઈપણ સાધક બની શકે છે. વેદાન્તની દ્રષ્ટિએ જગત પારમાર્થિક દ્રષ્ટિએ સત્ નથી. તેથી સામાન્ય વિચાર એવો ઉભો થયો કે જગત મીથ્યા છે અને મિથ્યા જગત પર વધારે ધ્યાન આપવાની જરૂર નથી. વિવેકાનંદ તેમના નવ્ય વેદાન્તમાં આ વૃત્તિને દૂર કરવા માંગે છે. એમની દ્રષ્ટિએ મિથ્યાનો અર્થ તદન શૂન્ય થતો નથી. જગતને સ્વપ્નવત્ ગણવું તે પણ તેમની દ્રષ્ટિએ શાંકર વેદાન્તને સમજવા બરાબર છે. કારણ કે સ્વપ્નના પદાર્થોને તો વેદાન્તની દ્રષ્ટિએ પ્રાતિભાસિક સત્તા છે, વ્યવહારિક સત્તા નથી. તેથી જગતને સ્વપ્નવત્ કે અસત્ ગણીને તેનાથી દૂર થઈ જવાનો માર્ગ વેદાન્તના મૂળ હાર્દ સાથે સુસંગત નથી.(૩)

વેદાન્ત મનુષ્યોને પ્રથમતો પોતાની જાતમાં શ્રધ્ધા રાખતા શીખવે છે. જેમ દુનિયાના કેટલાક ધર્મો કહે છે કે જે માણસ પોતાની બહાર વ્યકિતરૂપ ઈશ્વરમાં નથી માનતો તે નાસ્તિક છે, તેમજ વેદાન્ત કહે છે કે જેને આત્મશ્રધ્ધા નથી તે નાસ્તિક છે."(૪)

અર્થાત ઘણા લોકો એવું માને છે કે આદર્શે કદી પહોંચી શકાય નહીં. પરંતુ વેદાન્ત ભારપૂર્વક જણાવે છે કે દરેક માણસ તેનો સાક્ષાત્કાર કરી શકે છે. અને આમાં કોઈ જ આડુ આવતું નથી. આ ઉપરાંત વેદાન્ત એમ પણ કહે છે કે સાક્ષાત્કાર ગાઢ જંગલો કે ગુફાઓમાં થાય એટલું જ નહીં પરંતુ જીવનની સઘળી પરિસ્થિતિમાંના મનુષ્યો તેનો સાક્ષાત્કાર કરી શકે છે. વેદાન્ત પાપમાં માનતું નથી તને માત્ર ભૂલને સ્વીકારે છે. અને વેદાન્તની દ્રષ્ટિએ મોટામાં મોટી ભૂલતો પોતાની જાતને ' હું પાપી છું, હું દુઃખી જીવ છું. મારામાં કશી શકિત નથી. હું આ કરી ન શકું મારાથી આ થઈ ન શકે આમ કહેવું એ મોટામાં મોટી ભૂલ છે. તેથી જ વેદાન્ત વિચાર માણસને તેની શકિત તરફ નજર કરાવે છે. જયારે પાપનો વિચાર માણસની નબળાઈ તરફ ધ્યાન ખેંચાવે છે. વેદાન્ત કહે છે માનવીમાં નબળાઈ તો હોય, તેની હરકત નહીં આપણે તો આગળ વધવું છે. રોગ તો માણસ જન્મ્યો ત્યારથી લાગેલો જ છે. સૌને પોતાના રોગની ખબર છે. આપણને કયો રોગ છે તે બીજાને કહેવાની જરૂર નથી પરંતુ આપણે રોગી છીએ તેવો ચોવીસ કલાક વિચાર કર્યા કરવાથી આપણે રોગ મુકત થવાના નથી. એને માટે દવાની જરૂર છે. બહારની કોઈપણ બાબતની આપણે પરવા ન કરીએ, બહારની દુનિયા પાસે આપણે દંભી થવાનો ભલે પ્રયાસ કરીએ, પરંતુ આપણા અંતરના અંતરમાં આપણે સૌ આપણી નબળાઈઓ જાણીએ છીએ. પરંતુ વેદાન્ત કહે છે કે નબળાઈને યાદ કરવાથી શકિત આવતી નથી. પરંતુ શકિતનું ચિંતવન કરવું એ એનો ઉપાય છે.

આમ, ઉપરોકત સ્વામિ વિવેકાનંદના નવ્ય વેદાન્ત જોયો. જેના પ્રમાણે વેદાન્ત એ માત્ર સાધુઓ મુમુક્ષુ અધિકારીઓ માટે જ નથી પરંતુ તેમનું માનવું છે કે વેદાન્તના જ્ઞાનને સામાન્ય સમાજના જનજીવન સુધી લઈ જવાનું કાર્ય મારે કરવું છે. વેદાન્ત આપણને આપણા પ્રત્યે આત્મશ્રધ્ધા રાખતા શીખવાડે છે. વેદાન્ત એક જગત એક જ અસ્તિત્વ સર્વ કઈ તે એક છે આમ ઉપરોકત સ્વામી વિવેકાનંદના નવ્યવેદાંતનો ટૂંકમાં પરિચય જોયો અહીં સ્વામી વિવેકાનંદના નવ્યવેદાંતને ટૂંકમાં દર્શાવવાનો પ્રયાસ કરેલ છે.

**REFERENCES**

૧. સમકાલીન ભારતીય તત્ત્વચિંતન પ્રકાશનઃ સ્વપ્નિલ પ્રકાશન, વઢવાણ સીટી, લેખક ડો. મુકુન્દ કોટેચા પ્રો. એસ.એસ. શર્મા, ડો. સી.બી. વાઢેર, પ્રથમ આવૃત્તિ ૨૦૦૪ ૨. સમકાલીન ભારતીય તત્ત્વચિંતન પ્રકાશનઃ સ્વપ્નિલ પ્રકાશન, વઢવાણ સીટી, લેખક ડો. મુકુન્દ કોટેચા પ્રો. એસ.એસ. શર્મા, ડો. સી.બી. વાઢેર, પ્રથમ આવૃત્તિ ૨૦૦૪ ૩. જીવન વ્યવહારમાં વેદાંત, સ્વામિવિવેકાનંદ પ્રકાશકઃ સ્વામી જિતાત્માનંદ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, ત્રીજી આવૃત્તિ–૧૯૯૪ ૪. આધુનીક ભારતીય તત્ત્વજ્ઞાન લે. બી.જી. દેસાઈ પ્રકાશકઃ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ૧૯૮૫ ૫. ભારતમાં આપેલા ભાષણો, સ્વામિ વિવેકાનંદ પ્રકાશકઃ સ્વામી સર્વસ્થાનંદ રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, નવમી આવૃત્તિ–૨૦૧૨